<u>નામદાર શ્રી પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,</u>

<u>મુકામ : જંબુસર.</u>

<u>રેગ્યુ. દિવાની મુકદમાં નં. ૧૩૬/૨૦૧૬</u>

ઈબ્રાહિમ મોટાજી કરીમ,

ઉ. વ. ૫૫, ધંધો – ખેતી,

રહે. દહેગામ, તા. જંબુસર, જિ. ભરૂચ **......વાદી**

વિરૂધ્ધ

અકબર મહંમદ હસન ગરૂ,

ઉ. વ. ૫૦, ધંધો – ખેતી,

રહે. દહેગામ, તા. જંબુસર, જિ. ભરૂચ. **......પ્રતિવાદી**

// વાદી તરફે વિ. વ......................શ્રી જે. એ. મિસ્ત્રી //
// પ્રતિવાદી તરફે વિ.વ................. શ્રી એ. એસ.કરમાડવાલા //

<u>–:: આંક–૫ લગત હુકમ ::–</u>

(૧) વાદીએ હાલની અરજી સી. પી. સી. ઓર્ડર – ૩૯, રૂલ – ૧, ૨ મુજબ વચગાળાનો મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. આ કામમાં આંક – ૫ થી

વાદી ધ્વારા હાલની મનાઈ અરજી લાવવામાં આવેલ છે અને આંક – ૧ થી પ્રતિવાદી સામે જે દાવા અરજી કરેલ છે તેની સાથે વચગાળાની દાદ માંગતી અરજી કરેલ છે. આ કામના વાદીએ તેમની આ મનાઈ અરજીમાં મોટાભાગની હકિકતો તેની આંક – ૧ ની દાવા અરજીને લગતની હકિકતોના સમર્થનમાં જણાવેલ છે. આ આંક – ૫ ની અરજીની ટુંકમાં હકિકત નીચે મુજબ છે.

(૨) વાદીની અરજીની ટુંકમાં હકિકત :–

વાદીની આંક – ૫ ની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની મોજે દહેગામ, તા. જંબુસર, જિ. ભરૂચની સીમ મધ્યે ખાતા નં. ૮૨૯ થી બ્લોક નં. ૯૯૫ ની ખેતીની જમીન આવેલ છે આ જમીનનું કુલ ક્ષેત્રફળ હે. આરે. ચોમી. ૦–૫૧–૬૦ છે તેનો કુલ આકાર રૂા. ૩.૦૦ પૈસા છે.

ઉપરોકત જણાવેલ મિલકત વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન આવેલ છે, સદર જમીનનો વાદી વાપર ઉપભોગ કરે છે અને તેમાં ખેતી કરી ઉપજ મેળવે છે. દાવાવાળી મિલકત રેવન્યું રેકર્ડમાં વાદીનાં નામે નોંધાયેલી છે, સદર જમીનનાં મહેસુલ વેરા વિગેરે વાદી ભરે છે, સદર જમીનનાં વાદી કાયદેસરનાં કબજેદાર અને માલીક છે. સદર કામનાં પ્રતિવાદી અવાર–નવાર વાદીની અરજીવાળી મિલકતોમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અરજીવાળી મિલકતો કબજો કરી લેવાનો પ્રયત્ન કરી રહેલા છે અને મિલકતમાં કબજો કરી લેવા માંગે છે. પ્રતિવાદીને અરજીવાળી મિલકતમાં કોઈપણ પ્રકારનો હકક, હિત કે અધિકાર નથી, તેમ છતા આજથી અઠવાડીયા ઉપર વાદીને ધમકી

આપેલ કે, ''આ જમીનમાં હું કબજો કરી લઈશ અને તમોને આ ખેતરોમાંથી હાંકી કાઢીશું અને જો તમો સીધા–સીધા ખેતરોનો કબજો અમોને આપી દો.'' જો પ્રતિવાદી તેઓની બુરીનેમમાં ફાવી જાય તો વાદીને અનિવાર્ય નુકસાન થવાનો સંભવ છે જેનો બદલો નાણાંમા મળી શકે તેમ નથી. વાદીનો પ્રાઈમાફેસી કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદીનાં લાભમાં છે. જેથી વાદીએ જાહેરાત મેળવવા તથા જાથુનો મનાઈ હુકમ મેળવવા દાવો કરેલ છે, પરંતુ દાવાનો આખરી નિર્ણય આવતા ઘણો સમય લાગે તેમ છે, જેથી અરજી હાલની દરમીયાન મનાઈ હુકમ મેળવવા આપવી પ્રાપ્ત થયેલ છે. ઉપરોકત તમામ હકિકત જણાવી વાદીએ દાદ માંગેલ છે કે, પ્રતિવાદી જાતે કે તેમનાં ઘરનાં માણસો, એજન્ટો, મળતીયા, કુલમુખત્યાર મારફતે અરજીવાળી મિલકતમાં પ્રવેશ કરે/કરાવે નહી કે કબજો લે/લેવડાવે નહી કે વાદીનાં કબજા ભોગવટામાં કે વાપર, ઉપયોગ, ઉપભોગમાં દખલ/અંતરાય/અવરોધ કરે/કરાવે નહી કે મિલકતને નુકસાન થાય તેવું કોઈ કૃત્ય કરે/કરાવે નહી કે મિલકત ઉપર કોઈ લોન, બોજો ઉત્પન્ન કરે/કરાવે નહી કે મિલકત અન્વય કોઈપણ ઈસમને ગીરો, વેચાણ, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરે/કરાવે નહી તેવો પ્રતિવાદી વિરૂધ્ધ દરમીયાન મનાઈ હુકમ ફરમાવવા તથા અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વાદીને વસુલ અપાવવા અરજ ગુજારેલ છે.

(૩) ત્યારબાદ આ કામે વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજીનો સમન્સ પ્રતિવાદીને બજતા પ્રતિવાદી તરફે આંક – ૧૩ થી દાવા અરજી તથા દરમીયાન મનાઈ અરજીનો સંયુકત લેખીત જવાબ રજુ કરેલ છે. જેની ટુંકમા વિગત

નીચે મુજબ છે.

(૩.૧) પ્રતિવાદીના જવાબની ટુંકમાં હકિકત :–

વાદીએ કરેલ દાવો તથા મનાઈઅરજી ખોટા હોય, રદ થવાને પાત્ર છે. વાદીનાં દાવાને તથા મનાઈ અરજીને મુદતનો બાધ નડે છે તથા નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ નડે છે. વાદીની મનાઈઅરજીનાં પેરા – ૧ માં જણાવેલ જમીન બાબતે કોઈ તકરાર નથી, પરંતુ સદર જમીન વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની હોવાની હકિકત ખરી નથી. વાદીની મનાઈ અરજીનાં પેરા – ૨, ૩, ૪ અને ૫ માં જણાવેલ હકિકતો ખરી નથી તેઓને કબુલ મંજુર નથી. વાદીની મનાઈ અરજીનાં પેરા – ૭ જણાવેલ કોઈ દાદ વાદીને આપી શકાય તેમ નથી. પ્રતિવાદી સત્ય અને વિશેષ હકિકત જણાવતા જણાવે છે કે, મોજે દહેગામ, તા. જંબુસર, જિ. ભરૂચની સીમ મધ્યે નીચે જણાવેલ ખેતી વિષયક જમીનો આવેલી છે.

હાલનો ખાતા નં.	**બ્લોક/સર્વે નં.**	**ક્ષેત્રફળ (હે. આરે. ચોમી.)**	**આકાર (રૂા. પૈસા)**
૮૨૯	૯૯૫	૦–૫૧–૬૦	૩.૦૦
	૧૦૦૫	૦–૬૩–૭૪	૪.૮૧

ઉપરોકત જમીનનાં માલીક મલેક મોટાજી કરીમ અજજુ એટલે કે વાદીનાં પિતા હતા અને સદર જમીન તેઓની પાસે ભાઈઓ ભાગે આવેલી હતી અને સદર બન્ને જમીનો (જેમાં દાવાવાળી/અરજીવાળી જમીનનો પણ સમાવેશ થાય છે)

તે બન્ને જમીનો તા. ૦૬/૦૩/૧૯૯૮ નાં રોજ વાદીનાં પિતાએ પ્રતિવાદીને રૂા. ૭૨,૦૦૦/– રોકડમાં અવેજ લઈ સંપૂર્ણ વેચાણ આપી દીધેલ અને તે અંગેનો વેચાણખતનો કરાર પણ તા. ૦૬/૦૩/૧૯૯૮ નાં રોજ કરી આપેલ, જેમાં મોટાજી કરીમ અલ્લી કરીમ તથા વલી કરીમનાઓની સહી પણ છે અને ત્યારથી પ્રતિવાદીને તેનો સંપૂર્ણ અને પ્રત્યક્ષ કબજો સોંપેલ છે અને ત્યારથી ઉપર જણાવેલ બન્ને જમીનો દાવાવાળી/અરજીવાળી જમીન સહિત પ્રતિવાદીનાં સંપૂર્ણ અને પ્રત્યક્ષ વાપર ઉપભોગ કબજા ભોગવટામાં તા. ૦૬/૦૩/૧૯૯૮ નાં રોજથી વાદીની જાણ હેઠળ સતત એકધારી, બિનરોકટોક ચાલી આવેલ છે અને સદર જમીનોમાં વાદી તેમાં ખેડ કરી વાવણી કરી, મહેનત કરી તેનું ઉત્પન્ન લેતા આવેલા છે અને તેમાં કયારેય અટકાવ, અંતરાય કે અવરોધ કરેલ નહી અને મોજે દહેગામ ખાતે આવેલ બ્લોક નં. ૯૯૫ અને ૧૦૦૫ નાં પ્રતિવાદી સંપૂર્ણ અને પ્રત્યક્ષ માલીક છે. સદર જમીનો નવી શરતની હોય સદર જમીનોની વેચાણની મંજુરી મેળવી આપી રજી. દસ્તાવેજ કરી આપવાની જવાબદારી વાદીનાં પિતાએ સ્વીકારેલ હતી, જેથી તે વિરૂધ્ધ હવે કાંઈ કહેવા કે કરવા વાદીને કોઈ અધિકાર નથી. સદર જમીનો વાદીનાં માત્ર ફોર્મલ નામે ચાલે છે અને તેનાં વેરાઓ પણ પ્રતિવાદી ભરે છે. સદર બન્ને જમીનો સાથે વાદીને કોઈ લાભ–ભાગ કે હકક, હિત કે સંબંધ નથી. પરંતુ બન્ને જમીનો નવી શરતની હોય તેનાં વેચાણની પરવાનગી સરકારશ્રી પાસેથી મેળવી તેનો રજી. દસ્તાવેજ કરી આપવો ન પડે તે બદઈરાદે તથા ગુજરાતમાં ઔદ્યોગીક ક્રાંતિ આવેલ છે અને જંબુસર તાલુકાને સરકારે સેઝ તરીકે જાહેર કરેલ હોય, જમીનોનાં ભાવ વધી ગયેલ છે, જેથી વાદીની બન્ને મિલકતો પ્રત્યે દાનતભ્રષ્ટ થયેલ હોય

ખોટી હકિકતો આગળ ધરી વાદીએ હાલનો દાવો તથા મનાઈઅરજી ખોટી રીતે કરેલ છે. દાવાવાળી જમીનમાં તથા બ્લોક નં. ૧૦૦૫ વાળી જમીનમાં વાદીનો કોઈ કબજો ભોગવટો આવેલ નથી કે તેઓનાં ખેડ કબજામાં પણ નથી, તેમ છતા નામ. કોર્ટમાં સત્ય હકિકતો છુપાવી હાલનો દાવો તથા મનાઈ અરજી કરેલ છે. વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી કે ન્યાયની સમતુલા વાદીનાં લાભમાં નથી. વાદીને મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈપણ પ્રકારનું નુકસાન થવાનો સંભવ જ નથી, જયારે પ્રતિવાદી વિરૂધ્ધ મનાઈ હુકમ આપવામાં આવે તો તેઓનાં હકકોને ઘણું જ નુકસાન જાય તેમ છે અને પ્રતિવાદીનો કાયદેસરનો કબજો ઝુટવાઈ જાય તેમ છે, જેથી વાદીનો દાવો તથા દરમીયાન મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા તથા પ્રતિવાદીને વાદી પાસેથી કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે વાદી ધ્વારા આંક–૩ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

ક્રમ	નિશાની	દસ્તાવેજની વિગત
૧	૩/૧	મોજે દહેગામ ખાતા નં. ૮૨૯ નાં ગામ નમુનાં નં. ૮–અ નાં ઉતારાની નકલ
૨	૩/૨/૧	મોજે દહેગામ બ્લોક/સર્વે નં. ૯૯૫ નાં ગામ નમૂનાં નં. ૭ ની નકલ
	૩/૨/૨	મોજે દહેગામ બ્લોક/સર્વે નં. ૯૯૫ નાં ગામ નમૂનાં નં. ૧૨ ની નકલ

(૫) આ કામે પ્રતિવાદી ધ્વારા આંક–૧૮ તથા ૩૦ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

ક્રમ	**નિશાની**	**દસ્તાવેજની વિગત**
૧	૧૮/૧	તા. ૦૬/૦૩/૧૯૯૮ નાં રોજનાં વેચાણ કરારની ઝેરોક્ષ નકલ
૨	૩૦/૧	બસીર મહંમદ મુરાદનું અસલ સોગંદનામું
૩	૩૦/૨	રસુલભાઈ ગુલામભાઈ મીરસાહેબ મલેકનાં મરણનાં દાખલાની ઝેરોક્ષ નકલ

(૬) <u>દલીલ :–</u>

વાદી તરફે આંક – ૧૫ તથા આંક – ૨૦ થી વિગતવાર લેખીત દલીલો રજુ રાખેલ છે જે અક્ષરસઃહ વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ આંક સ્વરુપે રેકર્ડ ઉપર હોય તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. વધુમાં વાદી તરફે પ્રતિવાદીની દલીલોનો ખુલાસો કરતા જણાવે છે કે, પ્રતિવાદી તરફે જે કરાર રજુ કરેલ છે તેમાં સ્ટેમ્પ ખરીદનાર હાલના કામે કોઈ પક્ષકાર નથી. ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં વાદી માલીક છે. પ્રતિવાદી તરફે નવી શરતની જમીન હોવાની દલીલ કરેલ છે, પરંતુ રજુ ૭/૧૨ ની કોપી જોતા જુની શરતની નોંધ છે. ખેડુત અને પાકની વિગતો પણ રેવન્યુ રેકર્ડમાં નોંધ કરવામાં આવે છે તેમાં પણ વાદીનું નામ છે અને જો કરાર કર્યો હોય તો પણ આટલા વર્ષો સુધી તેઓનું નામ ચઢાવવા કોઈ નોટીસ આપેલ હોય કે કોઈ કાર્યવાહી કરેલ નથી. પ્રતિવાદી તરફે

જે ચુકાદા પર આધાર રાખેલ છે તે સાટાખત બાબતે હોય હાલના કેસને લાગુ પડતુ નથી. વાદી તરફે મનાઇ હુકમના તત્વો પુરવાર કરેલ હોય અરજી મંજુર કરવી જોઇએ.

પ્રતિવાદી તરફે વિ. વ. શ્રી એ. એસ. કરમાડવાલાએ દલીલ કરેલ છે કે, હાલના કામે વાદીએ જાહેરાત તથા જાથુનો મનાઇહુકમનો દાવો કરેલ છે અને તેની સાથે હાલની દરમ્યાન અરજી કરેલ છે અને દાવો ચાલતા સુધી પ્રતિવાદી સામે કામચલાઉ મનાઇહુકમની માંગણી કરેલ છે. વાદીની દાવાઅરજી, મનાઇઅરજી અને લેખીત દલીલો જોતા વાદીનો કેસ એવો છે કે, દાવાવાળી મિલકત તેઓની માલીકીની છે કારણ કે ૭/૧૨ ના ઉતારામાં તેઓનું નામ ચાલે છે અને તે આધારે તેઓનો કબજો તેવી દાદ માંગેલ છે. વાદી તરફે ૭/૧૨ અને ૮/અ નો ઉતારો રજુ કરેલ છે તે સીવાય કોઇ દસ્તાવેજો રજુ રાખેલ નથી. પ્રતિવાદી તરફે એવો બચાવ છે કે દાવાવાળી જમીન ખાતા નં. ૮૨૯ માં કુલ બે જમીનો છે અને તે બંન્ને જમીનો વાદીના પિતાએ પ્રતિવાદીને તા. ૦૬–૦૩–૧૯૯૮ ના રોજ રુ. ૪૨,૦૦૦/– ના અવેજમાં વેચાણ આપેલ છે અને ત્યારથી દાવાવાળી જમીનોના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં છે અને તેને ખેડી ઉતપન્ન લે છે અને તે હકિકત વાદી તથા ગામના લોકો જાણે છે. સદર હકિકત પુરવાર કરવા પ્રતિવાદી તરફે એક કરાર નિ. ૧૮/૧ થી રજુ કરેલ છે જે રુ. ૧૦/– સ્ટેમ્પ ઉપર છે. જે વંચાણે લેવામાં આવે તો તા. ૦૬–૦૩–૧૯૯૮ ના રોજનો વેચાણ કરાર છે અને તેમાં લખી આપનાર વાદીના પિતા છે અને દાવાવાળી બંન્ને જમીનો વાદીના પિતાએ રુ. ૪૨,૦૦૦/– માં વેચાણ

આપેલાનો ઉલ્લેખ છે અને તે જમીન નવી શરતની હોય સરકારશ્રીની પરવાનગી લેવાની જવાબદારી વાદીના પિતાના શીરે હતી અને તેઓએ દસ્તાવેજ કરી આપવાનો હતો. સદર દસ્તાવેજની વિગતો જોતા ભલે વેચાણ ખત લખેલ છે, પરંતુ તે કબજા સહિતનો બાનાખત કહેવાય. જે કરારમાં શાખ કરનાર પૈકી એક ઇસમ બસીર મહંમદ મુરાદનું સોગંદનામું નિ. ૩૦/૧ થી રજુ છે અને તેઓ બંન્ને પક્ષના નજીકના સગા છે અને તેઓની હાજરીમાં સદર વ્યવહાર થયેલાની અને સહિ કરેલાની હકિકત જણાવેલ છે અને બીજા સાહેદે સહિ કરેલાનું જણાવેલ છે. સદર કરારને હાલના તબકકે નહિ માનવાનું કોઇ કારણ નથી. વાદી સદર તમામ હકિકત જાણતા હોવા છતા નામદાર કોર્ટમાં હકિકતો છુપાવી મનાઇહુકમ મેળવવા આવેલ છે. સદર દાદ સમન્યાયની દાદ છે અને જે સમન્યાયની દાદ લેવા આવે તેણે ચોખ્ખા હાથે આવવુ જોઇએ. પ્રતિવાદી તરફે લેખીત જવાબ અને કરાર રજુ કર્યા બાદ વાદી તરફે લેખીત દલીલો આપેલ છે, પરંતુ તેમાં પણ વાદી કરાર બાબતે મોન રહેલ છે. દાવાવાળી અને અન્ય જમીન પ્રતિવાદીના કબજામાં છે. વાદી તરફે સદર કરાર નહિ નોંધાયેલ હોવાની દલીલ કરવામાં આવેતો ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ – ૫૩(એ) પ્રતિવાદીનો બચાવ છે અને હાલના તબકકે કોલેટરલ પર્પસ માટે કોઇ પણ દસ્તાવેજ વાંચી શકાય. આમ વાદી તરફે માત્ર ૭/૧૨ ના ઉતારા આધારે મનાઇહુકમ મેળવવા ખોટી રીતે દાવો કરેલ છે અને વાદી મનાઇહુકમના ત્રણેય તત્વો પુરવાર કરી શકેલ નથી અને મનાઇહુકમ મંજુર કરવામાં આવે તો પ્રતિવાદીએ આટલા વર્ષો પહેલા માતબર રકમ ચુકવી દીધા બાદ કબજો ખોવાનો વારો આવે અને ખુબ હાલાકી

પડે. હાલમાં જમીનોના ભાવ વધી ગયા હોય વાદીની દાનત બગડેલ હોય સદર દાવો ખોટી રીતે કરેલ હોય હાલની અરજી ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે. ૨૦૧૩(૩) જી. એલ. આર. ૨૪૪૮ ના ચુકાદા પર આધાર રાખેલ છે.

(૭) ઉપરોકત વાદીપક્ષની અરજીની હકિકતો, તેમજ વાદીપક્ષની દલીલોને ધ્યાને લેતા આંક – ૫ ની અરજીના ન્યાયીક નિર્ણય થવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દાઓ ::–

(૧) શું વાદીનો પ્રાઈમાફેસી કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને હાર્ડશીપ વાદીની તરફેણમાં છે ?

(૩) શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

(૪) શું હુકમ ?

(૮) ઉપરોકત મદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) '' નકારમાં''

(૨) '' નકારમાં''

(૩) '' નકારમાં''

(૪) આખરી હુકમ મુજબ.

(૯) આ માટેના કારણો નીચે મુજબ છે.

<u>–:: કા ર ણો ::–</u>

આ કામે આંક–૫ નિર્ણિત કરતા પહેલા આ અંગે કાયદાની સ્થિતિ જોઈએ તો, સી. પી. સી. ઓ.૩૯, રૂલ્સ–૧ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

<u>સી. પી. સી. ઓર્ડર–૩૯, રૂલ–૧ જે કેસોમાં કામચલાઉ મનાઈહુકમ આપી શકાય:</u>

(૧) જો કોઈ કેસમાં સોગંદનામાંથી અગર અન્ય રીતે એમ સાબિત થાય કે :

(એ) કોઈ દાવાની વાદગ્રસ્ત મિલકત વેડફાઈ જવાનો, તેની હાનિ થવાનો દાવાના કોઈ પક્ષકાર ધ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે અથવા

(બી) પ્રતિવાદી પોતાના લેણદારોને છેતરવાના માટે પોતાની મિલકત ખસેડવાની અથવા વ્યય કરી નાખવાની ધમકી આપે છે અગર ઈરાદો ધરાવે છે અથવા

(સી) દાવામાં વાદગ્રસ્ત મિલકતથી વાદીનો કબજો છોડાવી લેવાનો અગર બીજી રીતે વાદીને વાદગ્રસ્ત મિલકતના સબંધમાં હાની પહોંચાડવાની ધમકી આપે છે. (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલો નવો ખંડ) તો અદાલત હુકમ કરીને આવું કૃત્ય અંકુશિત કરવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકે અથવા આવો દુર્વ્યય, નુકસાન, હસ્તાંતર, વેચાણ, ખસેડવાના કાર્ય અથવા વ્યય સ્થગિત કરવા અથવા અટકાવવા તેને ઠીક લાગે તે હુકમ તે ઉદેશથી કરી શકે અથવા વાદીને કબજાથી વંચિત કરવાના અથવા વાદગ્રસ્ત મિલકતના સંદર્ભમાં વાદીને અન્ય રીતે હાનિ થતી અટકાવવા (૧૯૭૬ ના સુધારણા

અધિનિયમથી ઉમેરાયેલા શબ્દો) અદાલતને ઠીક લાગે તેવો દાવાના નિકાલ સુધી અથવા બીજો હુકમ થાય નહી ત્યાં સુધીનો હુકમ કરી શકે.

(૨) કોર્ટ ચાલુ કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈહુકમ કરતી વખતે અથવા તે બીજો હુકમ થતા સુધી, તે મિલકત વેડફાઈ જતી હોય, તે, તેને નુકસાન થતું હોય તે, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડતી હોય તે અથવા પેટા રૂલ –(૧) હેઠળના દાવાના નિકાલ હેઠળ કોઈપણ મિલકતના સબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકસાન પહોંચાડવા માટે , કોર્ટ યોગ્ય ગણે તેવી જામીનગીરી આપવા અથવા અન્યથા વાદીને આદેશ કરી શકશે.ઉપરોકત મુજબનાં આવશ્યક તત્વો હોય ત્યારે વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય.

(૯.૧) પ્રાઈમાફેસી કેસ :– પ્રાઈમાફેસી કેસ એટલે કે પ્રથમ દર્શનીય કેસની વ્યાખ્યા જોઈએ તો, વાદીએ કે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરનારે રજુ કરેલી હકીકતો, તે જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની, સામાન્ય વ્યકિતને, દેખીતી રીતે જ સાચી જણાય અને તે અંગે મહત્વનું ધ્યાન આપવું જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માગણીદારે કરેલા આક્ષેપ ઉપરથી ત્વરીત પણે કોઈપણ પ્રકારના ખચકાટ અનુભવ્યા વગર સામાન્ય સમજશકિતવાળી વ્યકિતમાં એવા વિચાર પેદા કરે કે કંઈક અઘટીત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તે અટકાવવાની જરૂર છે તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

મુદ્દા નં.–૧ –

(૧૦) ઉપરોકત મુજબની વિ. વ. શ્રી ની દલીલોની રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો વાદીઓ તરફે પોતાની દાવાઅરજી અને મનાઇ અરજીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, દાવાવાળી જમીન વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટા આવેલ છે અને રેવન્યુ રેકર્ડમાં વાદીના નામે નોંધાયેલ છે અને તેમાં ખેતી કરી ઉપજ લે છે. પ્રતિવાદીને દાવાવાળી મિલકતમાં કોઇ પ્રકારનો હકક–હિત કે અધિકાર નથી તેમ છતા કબજો કરી લેવા ધમકી આપતા હોય હાલનો દાવો કરી દાવાઅરજી ચાલતા સુધી વાદીના કબજા ભોગવટામાં વાપર ઉપયોગ કે દખલ અંતરાય કરે કરાવે નહી કે મિલકતને નુકસાન થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી કે કોઇ લોન કે બોજો ઉભો કરે કરાવે નહી કે અન્ય કોઇ ગીરો, બક્ષિસ, વેચાણ કે ટ્રાન્સફ કરે કરાવે નહી તેવા કામચલાઉ મનાઇહુકમની માંગણી કરેલ છે, જયારે પ્રતિવાદી તરફે સ્પષ્ટપણે તકરાર લીધેલ છે કે, દાવાવાળી જમીન તથા અન્ય જમીન તા. ૦૬–૦૩–૧૯૯૮ ના રોજ વાદીના પિતાએ પ્રતિવાદીને રુ. ૪૨,૦૦૦/– માં સંપુર્ણ અવેજ લઇ વેચાણ આપી દીધેલ છે અને ત્યારથી તેમનો કબજો છે. આમ સદરહું મુજબની હકિકતો જોતા હાલની અરજીના તબકકે વાદી કે પ્રતિવાદી દાવાવાળી જમીનના માલીક છે કે કેમ ? તે નકકી કરવાનું નથી, પરંતુ વાદી તરફે માંગ્યા મુજબનો મનાઇહુકમ મેળવવા સારુ રજુ દસ્તાવેજી પુરાવાઓ આધારે પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ છે કે કેમ તેટલું જ જોવાનું છે અને તે માટે વાદીએ દાવાવાળી જમીનમાં દાવા તારીખે તેઓનો કાયદેસર કબજો હોવાનું પુરવાર કરવુ પડે. સદર

બાબતે રજુ રેકર્ડ જોવામાં આવે તો વાદી તરફે નિ. ૩/૧ અને નિ. ૩/૨ થી રજુ ગામ નમુનો ૮–અ તથા ૭/૧૨ ના ઉતારાઓ પર આધાર રાખેલ છે. સદર બાબતે નામદાર સુપ્રિમ કોર્ટના ૧૯૯૭(૭) એસ. સી. સી. ૧૩૭ પર પ્રસિધ્ધ બળવંતસિંહ અને બીજાઓ વિરુધ્ધ મૈયત દોલતસિંહ તેઓના વારસદારો મારફતે કે. તા. ૦૭–૦૭–૧૯૯૭ નો વંચાણે લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૬) એસ. એસ. સી. ૨૨૩ પર પ્રસિધ્ધ શ્રીમતી સર્વણી વિ. ઈન્દર કોરના ચુકાદાને રીફર કરી ઠરાવેલ છે કે,

We have considered the rival submissions and we are of the view that Mr. Sanyal is right in his contention that the courts were not correct in assuming that as a result of mutation no. 1311 dated 19.7.54, Durga Devi lost her title from that date and possession also was given to the persons in whose favour mutation was effected. In Smt. Sawarni's case, Pattanaik J., speaking for the Bench has clearly held as follows:- "Mutation of a property in the revenue record does not create or extinguish title nor has it nay presumptive value on title. It only enables the person in whose favour mutation is ordered to pay the land revenue in question. The learned Additional District Judge was wholly in error in coming to a conclusion that mutation in favour of Inder Kaur

conveys title in her favour. This erroneous conclusion has vitiated the entire judgment."

આમ ઉપરોકત મુજબની કાયદાકીય પરીસ્થિતી જોતા માત્ર રેવન્યુ રેકર્ડના આધારે વાદીની માલીકી કે કબજો માની શકાય નહી અને તે ઉપરાંત વાદી ખેતી કરી ઉપજ લેતા હોય તેનો કે તેઓનો ખરેખર કબજો હોય તે બાબતે આજુબાજુના કોઈ ખેતર પડોશીઓની એફીડેવીટ પણ રજુ રાખેલ નથી, ઉલ્ટાનું પ્રતિવાદી તરફે તેઓનો કબજો હોવા બાબતે નિ. ૩૦/૧ થી બસીર મહંમદ મુરાદનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે અને તેમાં તેઓએ દાવાવાળી જમીન વાદીના પિતાએ પ્રતિવાદીને વેચાણ આપેલાનું અને ત્યારથી તેઓનો કબજો હોવાનું જણાવેલ છે, જે બાબતનો વાદી તરફે કોઈ ઈન્કાર કે ખંડન કરેલ નથી કે દાવા તારીખે દાવાવાળી જમીનમાં વાદીનો કબજો હોય તે બતાવવા કોર્ટ કમીશ્નર મારફતે પંચનામું પણ કરાવેલ ન હોય હાલના તબકકે દાવાવાળી જમીનમાં વાદી પોતાનો કબજો હોવાનું પુરવાર કરી શકેલ ન હોય અને તે રીતે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટે પ્રથમદર્શનીય પુરાવો રજુ રાખી શકેલ ન હોય તે રીતે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

(૧૧) ઉપરોકત પેરામાં વિગતે કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર જયારે વાદી હાલના તબકકે પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી, ત્યારે જો માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈ અગવળ પડે તેમ નથી કે નાણામાં વાળી ન શકાય તેવુ નુકસાન નથી તેમ

જણાઇ આવતુ હોય તે રીતે મુદ્ધા નં. ૨ અને ૩ નો જવાબ પણ નકારમાં ઠરાવી મુદ્ધા નં. ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

આ ખ રી હુ ક મ

- વાદીની મનાઇઅરજી રદ યાને નામંજુર કરવામાં આવે છે.
- સદર અરજીનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૦૩ જી, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૩/૦૮/૨૦૨૧ સ્થળ : જંબુસર	(ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ) પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, જંબુસર જજ કોડ જી. જે. ૦૦૮૧૯